જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૭/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૫૩૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૫ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૪૩ લીટર દેશી દારૂ, ૭૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૩૯૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૪૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઠગાઈઃ- સમાચાર યાદી નં.૧૫૪૧/૧૭

**માધવપુરાઃ** પરષોત્તમભાઈ ખોડાભાઈ પટેલ (ઉ.વ.૫૯)(રહે.શાંતીકુજ રેસીડેન્સી શ્યામકુટીર બંગ્લોજ સામે બાપા-સીતારામ ચોક નવા નરોડા) એ તા.૨૯/૭/૧૭ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૬/૧૭ ના કલાક ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે દરીયાપુર ઈદગાહ રોડ અષ્ટવિનાયક કોમ્પલેક્ષ ખાતે આરોપી (૧) રમેશ પ્રતાપરામ ચૌધરી પટેલ (૨) મનિષ પટેલ અને (૩)જગદીશ પટેલ (ત્રણેય રહે. સહજાનંદ રેસીડેન્સી ન્યુ ઈંડિયા કોલોની રોડ અભિલાષા રેસીડેન્સી સામે નવા નરોડા તથા માધુપુરા ઈદગાહ, સીટી સેન્ટર કોમ્પલેક્ષમાં આવેલ દુકાનમાં) ભેગામળી પરષોત્તમભાઈ તથા બીજા વેપારીઓ સાથે વિશ્વાસ કેળવી, તમામ પાસેથી કુલ રૂપિયા ૪૮,૫૮,૨૪૩/-નો એલ્યુમીનીયમનો માલ ખરીદી તે પેટેનાં રૂપીયા નહીં ચુકવી, તમામ સાથે વિશ્વાસઘાત કરી દુકાન બંધ કરી જતા રહેલ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કમલેશભાઈ નાનજીભાઈ ચલાવે છે.

**કાલુપુર:** વિનોદભાઇ કેશરાભાઇ માયાણી )(ઉ.વ.૪૧)(રહે,રુદ્રપ્રયાગ ટાવર રામદેવનગર ચાર રસ્તા સેટેલાઇટ) એ તા.૨૯/૭/૧૭ નારોજ કાલુપુરપોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે સવા માસ પહેલા થી તા.૨૫/૦૭/૧૭ સુધીનાં સમયગાળા દરમ્યાન કાલુપુર ગાંધી રોડ ખાતે આવેલ ગુજરાત ફોટો ગુડ્સ નામની વિનોદભાઇની દુકાને આવેલ આરોપી કરણ ઉર્ફે મિલનભાઇ ઉર્ફે ભોલુ નિલેશભાઇ પટેલ (રહે,મૈત્રીનગર સોસાયટી, ભોલાલ ભરુચ) અને કેમેરા લેવા આવેલ બે અજાણ્યા માણસો) એ ભેગામળી વિનોદભાઇને વિશ્વાસમાં લઇ જુદી-જુદી તારીખે કેનન કંપનીનાં કેમેરા નંગ-૩ તથા બીજી વાર કેનેન કંપનીનાં કેમેરા નં-૩ મળી કુલ કિંમત રૂપિયા ૯,૭૪,૦૦૦/- મત્તાનાં કેમેરાઓની ખરીદી કરી, તે પેટે નાણા નહીં ચુકવી વિનોદભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.સરવૈયા ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૫૪૨/૧૭

**આનંદનગર :** તુષાબેન વા/ઓ ગુંજનભાઈ પટેલ (ઉ.વ.૨૮)(રહે, કૌશલ્યા બંગલો, R.H. કાપડીયા સ્કુલ પાસે, સેટેલાઇટ) તા.૨૯/૭/૧૭ બપોરનાં ૨/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૭ વર્ષના આશરાના) બે પુરૂષ તુષાબેનનાં ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ તુષાબેન પટેલે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ.એ.પારગી ચલાવે છે.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૫૪૩/૧૭

**ચાંદખેડાઃ** દયાનંદ ભુદેવ શર્મા (રહે,ધરતીનગર સીમધર સોસાયટી ત્રાગડ રોડ ચાંદખેડા) એ તા.૨૯/૭/૧૭ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૪/૨૦૧૭ સાંજનાં ૬/૦૦ થી તા.૨૮/૦૭/૨૦૧૭ સવારના કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના બંધ મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડા રૂપિયા તેમજ ઘડીયાળ મળી કુલ રૂપીયા ૧,૯૨,૦૦૦/- તથા અમેરિકન ડોલર ૧૫૦૦ ના મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૫૪૪/૧૭

**ખોખરા :** અશ્વીન શનાભાઈ મહીડા (ઉ.વ.૫૪)(રહે,રાધાકિશન નગર હાટકેશ્વર ખોખરા)એ પોતે માનશીક રીતે બીમાર હોઇ તા.૨૯/૭/૧૭ સવારનાં ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતાં, સારવાર માટે તેમને વા.સા.હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુનિપજ્યુ હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.